# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના લેટર પેડનો ખોટો ઉપયોગ કરાયો

બાયડ તાલુકા જીકેટીએસ પ્રમુખ ખાંટ મુકેશભાઈની સહી સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના લેટર પેડ પર બાયડ વિધાનસભાની ટૂંક સમયમાં યોજાનાર ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે ધવલસિંહ ઝાલાના બદલે અદેસિંહ ચૌહાણને બાયડ વિધાન સભાની ટિકિટ આપવાની માંગ કરતો ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીને ઉલ્લેખીને લખેલો પત્ર સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા બાયડ તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનામાં પણ હડકંપ મચ્યો હતો. બીજીબાજુ ધવલસિંહ ઝાલાના વિરોધી જૂથ પણ ગેલમાં આવી જતા અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોરના પ્રમુખ સંજયસિંહ ઠાકોરે સોશ્યલ મીડિયામાં વિડીયો વાઈરલ કરી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના ખોટા લેટર પેડનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો ખુલાસો કર્યો હતો.

અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયસિંહ ઠાકોરના સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ વીડિયોમાં દ્વારા જાહેર કર્યું છે કે, કોંગ્રેસની કુટીલ રાજનીતિ રહી છે કઈ રીતે ભાગલા પાડી ઠાકોર સેનાને તોડી એકતા મંચને તોડી કઈ રીતે ચૂંટણી જીતવી એના માટે એક યુવાનને હાથો બનાવી તાલુકા પ્રમુખનું ખોટું લેટર પેડ છાપ્યું હોવાનું અને ખોટી રીતે ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને ખોટી રીતે લેટર પેડ લખ્યો હોવાનું જણાવી તેને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનું મેન્ડેડ હોય કે કોઈ પ્રમાણ હોય તો રજુ કરવાનું જણાવી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



અરવલ્લી જીલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેનામાં સમાજના ઉદ્ધાર માટે બનેલ સંગઠનમાં રાજકીય પ્રવેશ થતા ક્ષત્રિય ઠાકોર સેનામાં ભંગાણ સર્જાયું છે. ક્ષત્રિય ઠાકોર સેનામાં જોડાયેલા યુવાનોમાં પણ અનેક મતમતાંતર હોવાનું એક યુવકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

## પાલનપુરમાં મહિલાના ગળામાંથી ચેઈનની તફડંચી

પાલનપુર

પાલનપુર- ડીસા હાઈવે નજીક આવેલી આલોક સોસાયટીમાં પંદર દિવસ અગાઉ ઘરે પાર્સલ આપવાના બ્હાને આવેલો શખ્સ એક મહિલાના ગળામાંથી રૂપિયા ૬૦,૦૦૦ની ચેઈનની તફડંચી કરી નાસી છુટ્યો હતો. આ અંગે આખરે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. પાલનપુરમાં ચેઈન તફડંચીની ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુર- ડીસા હાઈવે નજીક આવેલી આલોક સોસાયટીમાં પંદર દિવસ અગાઉ ઘરે પાર્સલ આપવાના બ્હાને આવેલો અજાણ્યો શખ્સ ચંદ્રિકાબેન મધુસુદનભાઈ ગંગવાણીના ગળામાંથી બે તોલા સોનાની રૂપિયા ૬૦,૦૦૦ની ચેઈનની તફડંચી કરી નાસી છુટ્યો હતો. આ અંગે આખરે આનંદ મધુસુદન ગંગવાલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધનસુરા તળાવ ખાતે નમામી દેવી નર્મદે મહોત્સવની ઉજવણી

અરવલ્લી જીલ્લાના ધનસુરા તળાવ ખાતે પણ નમામી દેવી નર્મદે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પૂજા અને આરતી પણ ઉતારવામાં આવી હતી. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાના બેનર લગાવવામાં આવ્યા હતા. સાથે કાર્યક્રમમાં હાજર લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

# પાલનપુરમાં હિરા ઉધોગની મંદી રત્ન કલાકારને ભરખી ગઈ

પાલનપુર

પાલનપુર ખાતે ગોબરીરોડ વિસ્તારમાં રહેતા એક રત્નકલાકારે હિરાઉધોગની મંદીના ટેન્શનમાં ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કરી લેતાં ભારે ચકચાર સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે. આ અંગે યુવકના પરિવારજનોએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લામાં એકમાત્ર એવા હિરાઉધોગમાં ભારે મંદી જોવા મળી રહી છે. જયાં જિલ્લા મથક પાલનપુર ઉપરાંત કેટલાક તાલુકા સેન્ટરોમાં ચાલતા હિરાના



કારખાનાઓમાં આજુબાજુના ગામડાઓમાંથી આવતાં રત્નકલાકારો હિરા ઘસી રોજીરોટી મેળવી રહ્યા છે. પરંતુ વર્તમાન સમયની મંદિમાં માંડમાંડ આર્થિક ઉપાર્જન થઇ રહ્યું છે. આવી સ્થિતિમાં પાલનપુરના એક રત્નકલાકારે મંદિના ટેન્શનમાં ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કરી લીધો હતો.

આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતુ કે, શહેરના ગોબરીરોડ વિસ્તારમાં રહેતા મુકેશભાઇ જગદીશભાઇ રોહિત (ઉ.વ. ૩૪) હિરા ઘસીને પરિવારજનોને આર્થિક મદદ કરતો હતો. જોકે, હિરામાં મંદિ આવતાં માનસિક ટેન્શનમાં રહેતા હતા. આથી તેમણે રવિવારે રાત્રે પાલનપુર તાલુકાના જગાણા રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને પોલીસને જાણ કરી હતી. જેમના મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ કરાવી વાલી વારસોને સોંપવામાં આવ્યો હતો. આ અંગે મૃતકના ભાઇ અશોકભાઇ જગદીશભાઇ રોહિત (પરમારે) પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ધનસુરા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૧૭

વડાપ્રધાનના જન્મદિન, ૩૭૦ની



કલમ નાબુદ કરવા અને પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ડૉક્ટર સેલ અરવલ્લી ધ્વારા ધનસુરા શિરીષભાઈ શાહના દવાખાના પાસે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગામલોકોએ લાભ લીધો હતો.

જેમાં ડૉક્ટર શિરીષભાઈ શાહ સહિતના ડૉક્ટરો ધ્વારા સેવા આપવામાં આવી હતી. જેમાં વિવિધ રોગોની સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ.શિરીષભાઈ શાહ, ડૉ ગાયત્રીબેન પંચાલ, ડૉ. રીનાબેન અસારી, ડૉ. વિપુલભાઈ પટેલ, ડૉ. મિત એસ. શાહ, ડૉ. કશ્યપભાઈ ભાવસાર ધ્વારા સેવા આપવામાં આવી હતી.

# વડગામમાં બસ ન આવતા વિદ્યાર્થીઓનો હલ્લાબોલ સાથે ટ્રાફીક જામ કર્યું

### પાલનપુર મુક્તેશ્વર બસ રોકી વિદ્યાર્થીઓએ ટ્રાફીક ચક્કા જામ કરતાં પોલીસને મધ્યસ્થી બનવું પડ્યું

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે સાંજના સમયે સ્કુલ છૂટ્યા બાદ એસ.ટી. બસ. સ્ટેન્ડ ન આવતાં વિદ્યાર્થી રજળી



પડ્યા હતા. જેને લઈ પાલનપુર મુક્તેશ્વર એસ.ટી.બસ આવી પહોંચતા વિદ્યાર્થીઓ દ્વારા બસને રોકીને થોડીવાર માટે વડગામ બસસ્ટેશન પર ટ્રાફિક ચક્કા જામ કરીને એસ.ટી.સત્તાધીશો સામે રોષ વ્યક્ત કર્યો હતો. વડગામ ખાતે મંગળવાર સાંજે સ્કૂલો છૂટ્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા એસ.ટી.બસ રાહ જોઈ ઉભા હતા. પણ મોડા સુધી બસ ન આવતા વિદ્યાર્થી ઓ રજળી પડ્યા હતાં. જેને લઈ ને વિધાર્થીઓ માં રોષ ભભુકી ઉઠયો હતો.બસ સ્ટેન્ડ પર પાલનપુર મુક્તેશ્વર બસ આવી પહોંચતા વિદ્યાર્થીઓએ બસમા ચઢવા માટે આ પડાપડી કરી હતી. એસ.ટી.ઘેટાંબકરાની જેમ મુસાફરો ખીચોખીચ ભરાયાં હતા.અને વિદ્યાર્થીઓને બસ માટે હાલાકીઓ વેઠવી પડી રહી હતી.વિદ્યાર્થીઓને સ્કૂલમાથી છુટ્યાના કલાક બાદ પણ બીજી કોઈ બસ ન આવતાં. વિદ્યાર્થીઓ ને ઘરે જવા માટે રઝળપાટ કરવી પડી હતી .જેને લઈ વિદ્યાર્થી ઓએ વડગામ એસ.ટી.સ્ટેન્ડ પર બસ રોકીને થોડીવાર માટે ટ્રાફીક ચક્કા જામ કરતા થોડીવાર માટે વડગામ શહેરમાં હલચલ મચી ગઈ હતી.આ અંગેની જાણ વડગામ પોલીસ ને થતાં તાબડતોડ વડગામ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.મોહનીયા ઘટના સ્થળે દોડી આવીને વિધાર્થીઓના ટોળાને વિખેરી ને મામલો થાળે પાડ્યો હતો. વિધાર્થીઓ દ્વારા વડગામ પંથકમાં સ્કૂલના સમયે એસ.ટી. બસો શરૂ કરવા માંગ કરવામાં આવી છે.

# તલોદમાં આયુષ્યમાન ભારત કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૧૭

તાલુકા હેલ્થ કચેરી, તલોદ ખાતે આયુષ્યમાન ભારત કાર્ડ વિતરણ કાર્યક્રમ તેમજ સગર્ભા માતાને મચ્છરદાની વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

તાલુકા હેલ્થ કચેરીના સભાખંડમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના પ્રમુખસ્થાને અને જિલ્લાના મહામંત્રી હિતેષભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગીતાબેન પરમાર અને તાલુકાના અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આયુષમાન ભારત કાર્ડ, મા-અમૃતમ, મા-વાત્સલ્ય તેમજ સગર્ભા માતાઓને લોગ લાસ્ટીંગ દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડૉ. વિ.જે. મુંગડ, ટીએચઓ તલોદે કાર્ડના લાભાલાભ અને મચ્છરદાની કેવી રીતે ઉપયોગમાં લેવી તેની વિસ્તૃત જાણકારી આપી હતી. ધારાસભ્ય અને ભાજપા મહામંત્રીએ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતુ. ગુજરાત રાજ્ય યુવક બોર્ડ વતી તાલુકા અને નગર સંયોજક વિગેરે સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિ.જે. મુંગડ અને તમામ આરોગ્યના સ્ટાફે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

કાર્યક્રમનું સંચાલન ટી.આઈ.ઈ.સી.ઓ., ટી.એચ.વી. અને ટી.એચ.એસ.એ કર્યુ હતુ.

# પાલનપુરના ગઠામણ ગામે શંકાસ્પદ ડેન્ગ્યુથી કિશોરીનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઠામણ ગામે શંકાસ્પદ ડેન્ગ્યુંથી એક કિશોરીનું મોત થતાં ગામમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. જ્યાં શહેર ઉપરાંત ગ્રામિણ વિસ્તારોમાં ૧૦૦૦ ઉપરાંત શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો હોવાનું સુમાહિતગાર સૂત્રો જણાવી રહ્યા છે.

બનાસકાંઠા જીલ્લામાં ચોમાસાના વરસાદ બાદ મચ્છરોનો ઉપદ્રવ થતાં ડેન્ગ્યુની બિમારીએ માથું ઉંચક્યું છે. જ્યાં પાલનપુર શહેર ઉપરાંત આજુબાજુના ગ્રામિણ વિસ્તારોમાં મોટી સંખ્યામાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો નોંધાઈ રહ્યા છે. દરમિયાન આરોગ્ય વિભાગના સબ સલામતની બાંગો વચ્ચે પાલનપુર તાલુકાના ગઠામણ ગામે રહેતી દક્ષાબેન અમરતજી ઠાકોર (ઉ.વ.૧૫)નું શંકાસ્પદ ડેન્ગ્યુથી મોત નિપજતાં ગામમાં ફફડાટ સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે, પાલનપુરના લક્ષ્મીપુરા સહિતના વિસ્તારોમાં ગંદકી ખદબદી રહી છે. જ્યાં સફાઇ કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં નગરપાલિકા કે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જ્યાં તાવના ૫૦૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ ઉપરાંત શહેરના કોટ અંદરના વિસ્તારમાં પણ મોટી સંખ્યામાં લોકો માંદગીના બિછાને પડ્યા છે. ત્યારે નગરપાલિકા દ્વારા સર્વે કરી સફાઇ અભિયાન હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજના પોગલુ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને લઈને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં પોગલુ સહિત આજુબાજુમાંથી ૩૪૦ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. પોગલુ વારાહી શક્તિ પીઠ મંદિર ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને લઈને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષ ગાંધીનગર, જિલ્લા આયુવેદ અધિકારી સાબરકાંઠા જિલ્લા પંચાયતના માર્ગદર્શન તથા જાયન્ટસ ગૃપ ઓફ પોગલુ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન આયોજિત વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આયુવેદ હોમીયોપેથી સર્વરોગ નિદાન કેમ્પમાં પોગલુ તથા આજુબાજુમાંથી ૩૪૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

# પ્રાંતિજના પોગલુ અને કમાલપુર ખાતે નર્મદા નીરના વધામણા કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે વડાપ્રધાનના જન્મ દિવસને

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં

સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજના કમાલપુર





લઈને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા અભિયાન તથા નર્મદાના નીર વધામણા કાર્યક્રમ યોજાયો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને લઈને ગુજરાત સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજના શીતવાડા જિલ્લા પંચાયતની સીટના કમાલપુર ગામે પણ અનોખી રીતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કમાલપુર પ્રાથમિક શાળાની બાલિકાઓ માથે કળશ મુકીને વાજતેગાજતે બોખ ખાતે પહોચ્યા હતા અને ત્યા નવા નીરના વધામણા પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ, રણજીતસિંહ રાઠોડ, ગામના સરપંચ દિવાનસિંહ રાઠોડ, કાર્યપાલ ઈજનેર ડામોર, નાયબ ઈજનેર એચ.આર. પ્રજાપતિ, બળવંતભાઈ પટેલ સહિત ગામજનો ગામના આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નીરના વધામણા બાદ ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું અને સભા યોજાઈ હતી. કમાલપુર ગામમાં

આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે વડાપ્રધાનના જન્મ દિવસને



લઈને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા અભિયાન તથા નર્મદાના નીર વધામણા કાર્યક્રમ યોજાયો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને લઈને ગુજરાત

ગામે પણ અનોખી રીતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ગ્રામજનો દ્વારા ગામમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજીને ગામમાં રહેલ કચેરી તથા ગંદકી દુર કરવામાં આવ્યો હતો. વાજતે ગાજતે ગામમાં આવેલ તળાવ ખાતે પહોચ્યા હતાં અને ત્યાં નવા નીરના વધામણા કર્યા હતા. આ પ્રસંગે સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ગામના સરપંચ રમીલાબેન પટેલ, શામળભાઈ પટેલ, પૂર્વ તાલુકા પ્રમુખ રમેશભાઈ પટેલ સહિત ગામજનો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. મેધ લાડુ બનાવવામાં આવ્યા હતા જેમાં ગામમાં આવેલ આંગણવાડી તથા શાળામાં મેધ લાડુનું વેચાણ કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત સૌ કોઈએ આ પ્રસંગે સ્વચ્છતા અંગેના સપત લીધા હતા. પોગલુ ગામમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

### ધનસુરા તાલુકા આરોગ્ય કચેરીએ

# ‘‘સરગવા કેરૂ સ્વર્ગ’’ અંતર્ગત પંચવટીમાં ૫૦ સરગવાના વૃક્ષાનું વૃક્ષારોપણ

ધનસુરા, તા. ૧૭

ધનસુરા તાલુકામાં પ્રજાજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે સતત કાર્યશીલ રહેતી



ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા સરગવા કેરા અમૃત સમાન સંજીવની રૂપી ઔષધીય ગુણથી ભરપૂર વૃક્ષની જનજાગૃતિ થાય તથા રોજબરોજના વપરાશમાં ખોરાકની પદ્ધતિઓમાં સરગવાનો વ્યાપ વધે તે હેતુથી પંચવટી ખાતે ‘‘સરગવા વન’’ અને સરગવા કેરૂ સ્વર્ગ’’ અંતર્ગત ૫૦ સરગવાના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, સાબરડેરીના ચેરમેન કાંતિભાઈ પટેલ, ધનસુરા સરપંચ યશવંતભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કનુભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી ભુપેન્દ્રભાઈ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી યોગેશ ગોસ્વામી, વનવિભાગના ચૌધરી અને તાલુકા આરોગ્ય કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી યોગેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, અરવલ્લી જીલ્લામાં સૌ પ્રથમ ધનસુરામાં ‘‘સરગવા કેરૂ સ્વર્ગ’’નું નિર્માણ કરવામાં આવ્યું છે. સરગવાના બી હૃદયરોગ, ડાયાબિટિઝ જેવા રોગમાં સૌથી ઉત્તમ ફાયદાકારક સાબિત થાય છે તો સાથે સાથે તેમાં ભરપૂર માત્રામાં ખાસ પ્રકારનું એન્ટિ ઓક્સિડેન્ટ મળી આવે છે જે કેન્સરના રોગ સામે રક્ષણ આપે છે. સરગવાની સીંગોમાં પ્રોટિન, એન્ટિ ડાયાબિટિક તત્વો અને બીજા કેટલાક પોષક તત્વો હોય છે જે શરીર માટે નુકસાનકારક કોલેસ્ટ્રોલને જમા થતા રોકે છે.